# ગુજરાતમાં વહેલી ચૂંટણીના સ્પષ્ટ સંકેત

અમદાવાદ,તા. ૨૪

અન્ય પછાત જાતિના દરજ્જાને હાસલ કરવા અને નોકરીમાં અનામતને લઈને રાજ્યભરમાં આંદોલન છેડનાર અને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર પાટીદાર સમુદાયને પ્રભાવિત કરવા અને તેમને ફરીથી પોતાની તરફેણમાં કરવા છેલ્લી ઘડીના પ્રયાસો સરકાર દ્વારા હાથ ધરવામાં આવી ચુક્યા છે. આના ભાગરુપે સરકારે પાટીદારો સામે ૯૫ ટકા કેસો પાછા ખેંચી લીધા છે. વર્ષ ૨૦૧૫માં તેમના આંદોલન દરમિયાન અને બાદમાં તેમની સામે નોંધવામાં આવેલા કેસો પૈકીના ૯૫ ટકા કેસો હવે પાછા ખેંચી લેવામાં આવ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર મુજબ પોલિટીકલ પંડિતો માની રહ્યા છે કે, વહેલીતકે વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે. વિધાનસભાની ચૂંટણી કાર્યક્રમ મુજબ ડિસેમ્બર ૨૦૧૭માં યોજાનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર ગુજરાત આવી રહ્યા છે. પાર્ટીના વર્કરો સાથે પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ વારંવાર બેઠકો યોજી રહ્યા છે. આ ઉપરાંત અન્ય ઘટનાક્રમોનો દોર પણ ચાલી રહ્યો છે જે સંકેત આપે છે કે, પાટીદારો સામે કેસો પાછા ખેંચવામાં આવ્યા છે. આ તમામ બાબતો દર્શાવે છે કે, વિધાનસભાની ચૂંટણી ગુજરાતમાં વહેલીતકે પણ યોજાઈ શકે છે. વરિષ્ઠ સરકારી અધિકારીઓના કહેવા મુજબ મોટાભાગના કેસો અમદાવાદમાં ૨૫મી ઓગસ્ટ ૨૦૧૫ની જીએમડીસી ગ્રાઉન્ડની રેલી બાદ નોંધવામાં આવ્યા હતા. બાકીના કેસો પણ પાછા ખેંચવા માટેની કવાયત ચાલી રહી છે. જે ગંભીર પ્રકારના નથી તે કેસોને દિવાળી પહેલા ખેંચી લેવામાં આવે તેવી શક્યતા છે. મોટાભાગના કેસો અમદાવાદ, સુરત, રાજકોટ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં નોંધાયા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાલમાં જ કહ્યું હતું કે, પાટીદાર આંદોલન દરમિયાન નોંધાયેલા ૪૩૮ કેસો પૈકીના ૪૧૬ કેસો પહેલાથી જ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. પાટીદારો સામે નોંધવામાં આવેલા બાકીના કેસોને પણ પાછા ખેંચવાનો નિર્ણય કરાયો છે. પાટીદાર સમુદાય પ્રત્યે સહાનુભૂતિનું વલણ અપનાવવામાં આવનાર એકલા અમદાવાદમાં પાટીદારો સામે ૪૦થી વધુ કેસો નોંધાયા હતા. જે પૈકી ૩૭ કેસોમાં આરોપીઓના નામ આપવામાં આવ્યા હતા. પોલીસ સુત્રોના કહેવા મુજબ ૪૩૮ હિંસાના કેસોમાં આગ, પોલીસ પર હુમલાના બનાવ છે. આ પૈકી પોલીસે ૨૩૦ કેસોમાં ફરિયાદ સરકારના ઈશારે નોંધી હતી. ઘણા લોકો એમ પણ માની રહ્યા છે કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આગામી વર્ષે માર્ચ કે એપ્રિલમાં યોજાઈ શકે.

મોટી ઈસરોલ તળાવ નજીક લોકરક્ષકની પરીક્ષા આપવા નીકળેલા

## ટોરડાના યુવાનના બાઈકને ટ્રેક્ટરે અડફેટે લેતા મોત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી-ઈસરોલ ગામના તળાવ નજીક ટ્રેક્ટર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ભિલોડાના ટોરડા પાસેના પહાડાના રહીશ બાઈક ચાલક યુવાનનું મોત નિપજતા મોડાસા રૂરલ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજાવવાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભિલોડાના ટોરડાના રહીશ ગીરીશકુમાર ગોકળદાસ પટેલે નોંધાવેલ ફરિયાદ મુજબ ટ્રેક્ટર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલક વિજયકુમાર મનહરભાઈ પટેલને ઈજાઓ થતા તેને પ્રથમ ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા મોડાસા દવાખાને ખસેડી સારવાર આપ્યા બાદ ગંભીર ઈજાઓના પગલે તબીબે અમદાવાદ સારવાર અર્થે ખસેડવાનું જણાવતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે અમદાવાદ લઈ જતા રસ્તામાં તલોદ નજીક કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. રવિવારે મહિસાગર લોકરક્ષકની પરીક્ષા આપવા સવારે ટોરડા નજીક પહાડા ગામેથી બાઈક ઉપર નીકળ્યો હતો. તે શામળાજી વટાવી મોડાસા તરફ જઈ રહ્યો હતો ત્યારે જીવણપુર મોડાસા રોડ ઉપર મોટી ઈસરોલની સીમમાં તળાવ નજીક ટ્રેક્ટર સાથે ટકરાતા બાઈક સવાર યુવાનને જીવલેણ ઈજાઓ થઈ હતી. વિજય પટેલને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાતા રસ્તામાં જ તેનું મોત નિપજ્યું હતું.



### ખેડબ્રહ્મામાં રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં ગુજરાત રાજ્યની ભાઈઓ તથા બહેનોની કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ સોમવારથી થયો હતો. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોની ૩૫-૩૫ ટીમોએ ભાગ લીધો છે. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા રમતગમત અધિકારી ડૉ. અશોકકુમાર રાવલ તથા પી.વાય.ડી.ઓ. આશાબેન પટેલે કબડ્ડી સ્પર્ધાની શરૂઆત કરાવી હતી. શેઠ કે.ટી. હાઈસ્કૂલના પ્રમુખ અશ્વિનભાઈ જોષી, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, આચાર્ય કપીલભાઈ ઉપાધ્યાય, જયેન્દ્રસિંહ સોલંકી સહીત ટીમોના કોચ ઉપસ્થિત રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## ખેડબ્રહ્માના ખેડવા ગામે પતિ દ્વારા પત્નિની કરપીણ હત્યા

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામની પરીણીતાને તેના પતિ દ્વારા ઢોર માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતારવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડવાના ગાળીયાકુવાના રહીશ રણછોડભાઈ રાણાભાઈ કોદરબીના લગ્ન બોરડી ગામના વજાભાઈ ખાંટની દિકરી સુમીત્રા સાથે થયા હતા. રણછોડભાઈ કોદરબીને નશો કરવાની કુટેવ હતી તે સુમીત્રા સાથે વાતવાતમાં ઝઘડા કરી મારઝુડ કરતો હતો. તેથી ઘણીવાર સુમીત્રા તેના પિયર બોરડી જતી રહેતી હતી. પણ તેનો ઘરસંસાર બગડે નહી તેથી તેના પિયરીયા તેને પાછી સાસરીમાં મોકલી દેતા હતા. દરમિયાન રવિવારે સુમિત્રાબેનના ભાઈ પુનાભાઈને બહેડીયા ગામના નરેશભાઈ જોરાભાઈ ગમારે સમાચાર આપ્યા હતા કે તમારી બહેન સુમીત્રાનું મોત નિપજ્યું છે. તેથી પુનાભાઈ તેમના કુટુંબીઓ સવજીભાઈ, ભેમાભાઈ તથા રમેશભાઈ સહીત તાબડતોબ ખેડવા ગામે ગયા હતા. જ્યાં સુમીત્રાબેનને ખાટલામાં સુવડાવેલી હતી અને મોઢા-માથા, બરડા તથા હાથના ભાગે લાકડી કે અન્ય હથિયાર વડે ઈજાઓ પહોંચાડી હતી. આ ગંભીર ઈજાઓના કારણે સુમીત્રાનું મોત નિપજ્યું હતુ. અને તેનો પતિ રણછોડભાઈ બાળકો સાથે ફરાર હતો.

## આગીયા ગામે દિવેલા-કપાસના છોડ કાપી નાખતાં પોલીસ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામના ખેતરોમાં દિવેલા તથા કપાસના છોડ આડા પાડી કાપી નાખવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં એક મહીલા સહીત ત્રણ ઈસમો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામના પ્રદિપસિંહ બલવંતસિંહ વાઘેલા શનિવારે રોજીંદા નિયમ મુજબ તેમના ખેતરે ગયા હતા. અડધા ખેતરના દિવેલા કાપી નાખેલા જોવા મળ્યા હતા અને બાજુના ખેતરના વિક્રમસિંહ હિંમતસિંહ રહેવર તથા ડાહ્યાભાઈ કેશરભાઈ પટેલના કપાસના છોડને પણ નુકશાન પહોંચાડેલુ જોવા મળતાં બંને ખેડૂતોએ ફોન કરી બોલાવ્યા હતા. દિવલોતથા કપાસના છોડ કાપી નાખી આડા પાડી વેરણછેરણ કરી મોટુ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. નુકશાનનો અંદાજ કાઢવા ત્રણે ખેડૂતો ખેતરમાં ફરતા હતા ત્યારે એક દંપતીનો ફોટો હાથ લાગ્ય હતો. આ અંગે તપાસ કરતા આ ફોટો મટોડા ગામના રહીશ શેનાભાઈ પુજાભાઈ ગમારની દિકરી હંસા તથા તેના પતિ મહેન્દ્રભાઈ કુભાભાઈ ડાભી રે. દિગથલીનો હોવાની જાણ થઈ હતી તેથી આ છોડના નુકશાન અંગે હંસાને પુછતા તેણીએ કહ્યુ હતુ કે તેનો અગાઉનો પતિ મણાજી બાબુજી ઠાકોર રે. વેડા, તા. વડાલી અહી આવી અગાઉ કરી ગયો છે. તમારે જે કરવુ હોય તે કરો.

આ અંગે પ્રદિપસિંહ વાઘેલાએ હંસાબેન ડાભી તેનો પતિ મહેન્દ્રભાઈ ડાભી તથા મણાજી બાબુજી ઠાકોર વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુતપાસ હાથ ધરી છે.





### ડીસા રેલવે સ્ટેશન રોડનું કામકાજ ખોરંભે : નગરજનો ત્રાહિમામ

ડીસા શહેરમાં પાટણ ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન તરફ જતો રોડ બનાવવાની પ્રક્રિયા સાત માસથી ચાલી રહી છે. પરંતુ હજુ સુધી રોડનું કામકાજ ચાલુ નહી કરાતા લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. દિવાળીના તહેવારો આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પાલિકા દ્વારા હજુ સુધી આ રોડનું કામકાજ પુરૂ કરાયું નથી. જેના કારણે વાહન ચાલકોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ડીસા પાલિકામાં આ વિસ્તારના બે કોર્પોરેટરો છે. જેમાં એક મહિલા કોર્પોરેટર તો ઉપપ્રમુખનો હોદો સંભાળી રહ્યા છે. તેમ છતાં આ વિસ્તારની સમસ્યા ઠેરની ઠેર રહી જવા પામી છે. હાલમાં આ રોડ પર ઉંડા ખાડા ખોદેલા છે અને વાહનોની અવર-જવર વચ્ચે ધુળના વાદળ છવાયેલા રહે છે. જેના કારણે લોકો ભારે હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. ત્યારે આ માર્ગનું વહેલી તકે કામકાજ શરૂ કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.



બનાસકાંઠા જીલ્લાનાં ડીસાનાં નહેરુનગર ટેકરા તરીકે ઓળખાતા વોર્ડ ન.૭ નાં અંદાજે ૨૦૦૦થી વધુ શ્રમજીવી પરિવારો તેમની માથાની છત છીનવાઈ જવાના ભયે એકાએક પાલનપુર કલેકટર કચેરીએ દોડી આવ્યાં હતાં. આજથી ૬૦ વર્ષ અગાઉ તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ જ્યારે ડીસા વસ્યું નહોતું ત્યારે કેમ્પ તરીકે ઓળખાતા ડીસાનાં આ શ્રમજીવી પરિવારોને અહીંથી અન્યત્ર ખસેડવાની વહીવટી તંત્ર દ્વારા હિલચાલથી ગભરાઈ ગયેલાં માજીરાણા કોમનાં અનેક પરિવારો ડીસાનાં અગ્રણીઓ વિપુલ શાહ, પ્રકાશ ભરતિયા, દિપક પટેલ સહિત અનેક અગ્રણીઓએ કલેકટર જેનું દેવનને આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.

## સુરક્ષિત દિવાળી પ્રસંગને મનાવવા ૧૦૮ સુસજ્જ

જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ દિવાળીના પર્વને સુરક્ષિત દિવાળી તરીકે મનાવવા માટે કટિબદ્ધ છે. ઈમરજન્સી સેવા આ દિવાળીએ ૫.૪૫ લાખ અનમોલ જિંદગીઓ બચાવવાનો પર્વ મનાવશે. આ પવિત્ર તહેવારના દિવસે ૧૦૮ ઈમરજન્સી ખુબ મહત્વનો સંદેશો આપે છે કે તહેવારના દિવસો હોવાથી લોકો તેમની ઉજવણીમાં વ્યસ્ત રહેશે. દિવાળી ફટાકડા વગર અધુરી છે પરંતુ નાની બેદરકારી મોટા અકસ્માતમાં પરિવર્તીત થઈ શકે છે. કોઈ દુર્ઘટના પર ગભરાયા વગર ૧૦૮ને તરત બોલાવવા માટે કહેવામાં આવ્યું છે. ૨૮મી ઓક્ટોબરથી શરૂ થનાર દિવાળી પર્વ પહેલી નવેમ્બર સુધી ચાલશે. આ પાંચ દિવસ દરમિયાન ઈમરજન્સીમાં સામાન્ય લોકો આઠથી ૩૭ ટકા સુધીનો વધારો જોવા મળે છે જે ચાલુ દિવસોમાં આશરે ૩૦૦૦ ઈમરજન્સીથી વધારે છે. વધુ ઈમરજન્સીના માર્ગ અકસ્માત, પેટમાં દુખાવા, તાવ અને મારામારીના કેસો જોવા મળે છે. દિવાળીની રાતથી નવા વર્ષની સવાર સુધી વધુ ઈમરજન્સીના કેસો જોવા મળે છે. દિવાળીની તૈયારી રૂપે ખાસ વ્યવસ્થા ગોઢવવામાં આવી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ જીંદગી બચાવનાર સાધનો સાથે ઈમરજન્સી મેડિકલ ટીમ સાથે ગોઠવવામાં આવી છે. દિવાળી વખતે ધ્યાનમાં રાખવે જેવી સલાહ પણ આપવામાં આવી છે. દિવાળીના ગાળા દરમિયાન સામાન્યરીતે ઈમરજન્સી કેસોમાં એકાએક વધારો થઈ જાય છે.



પાલનપુરના જામપુરા શાળામાં ઈન્ડિયન રેડ્ક્રોઓસ તરફથી હાલમાં ચાલતા વાઈરલ રોગચાળા સામે સ્વરક્ષણ અર્થે આયુર્વેદીક ઉકાળાનું પ્રજાજનોને વિતરણ કરાયુ હતું આ પ્રસંગે પ્રમુખ ગીરીશભાઈ જાગાણીયા કૅલેક્ટર જેનું દેવેન ડૉ ગિરધરભાઈ પટેલ અને શિવરામભાઈ ફોશી અને તેમની ટીમે ૨૦૦૦ થી વધુ લોકોને અને શાળાના બાળકોને ઉકાળાનું સેવન કરાવ્યું હતું આ ઉકાળા થી ડેન્ગ્યુ અને ચિકન ગુનિયાની બીમારી સામે રોગપ્રતિકારક શક્તિ મળે છે.

### પબ્લિક હેલ્થ ગાંધીનગર કેમ્પસનું આજે ઉદ્‌ઘાટન

પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા નિર્મિત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓપ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના નવા કેમ્પસનું ઉદઘાટન આવતીકાલ તા. ૨૫મી ઓક્ટોબર-૧૬ના રોજ થશે. એરફોર્સ હેડકવાર્ટસ સામે લેકવાડા બસ સ્ટોપ નજીક નિર્મિત ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થના નવા કેમ્પસનું ઉદઘાટન સાંજે ૭ કલાકે મુખ્ય મંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવશે.

### મહાબેઠકમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર કોઈ અસર થઈ ન હતી અને કહ્યું હતું કે, શિવપાલ અને અમરસિંહને તેઓ છોડશે નહીં. મુલાયમે કહ્યું હતું કે, હોદ્દો મળવાની સાથે ગંભીરતા પણ દર્શાવવી જોઈએ. શિવપાલ લોકોના નેતા છે તેમ કહીને મુલાયમે કહ્યું હતું કે, પોતે જમીન ઉપર બેસીને આ ભાઈએ તેમને ખુરશી પર બેસાડવામાં ભૂમિકા ભજવી છે. પોતાના ભાષણના અંતમાં મુલાયમે પરિવાર અને પાર્ટીને બચાવવા માટે છેલ્લો દાવ રમ્યો હતો. જો કે, બંને વચ્ચે ખેંચતાણ યથાવત દેખાઈ હતી.

મુલાયમે ભાષણની શરૂઆતમાં કહ્યું હતું કે, ટિકા કરનાર લોકો જ અમારા પોતાના હોય છે. જે વ્યક્તિ નબળાઈઓને સપાટી ઉપર લાવે તે જ વ્યક્તિ શુભેચ્છકો હોય છે. જે લોકો ટિકાઓ સાંભળતા નથી તે લોકો નેતાઓ બની શકતા નથી. મુલાયમે કહ્યું હતું કે, તમામની સાથે આગળ વધવાની જરૂર છે. અમરસિંહ તેમના ભાઈ સમાન છે. અમરસિંહ અનેક વખત મદદ કરી ચુક્યા છે. અયોધ્યામાં કેટલીક વખત અમને બચાવવામાં ભૂમિકા ભજવેલી છે. પોતાના ભાષણ દરમિયાન મુલાયમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંઘર્ષની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, મોદીથી બોધપાઠ લેવાની જરૂર છે. મોદી ગરીબ પરિવારમાંથી આવે છે. ઈચ્છા શક્તિ અને સંઘર્ષના કારણે આજે વડાપ્રધાન બન્યા છે પરંતુ પોતાની માતાને છોડી શકતા નથી.

### વણસતી સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બની રહી નથી. પાકિસ્તાની સેના દ્વારા હાલમાં સતત ઉશ્કેરણીજનક કૃત્ય કરવામાં આવી રહ્યુ છે. પાકિસ્તાની સેનાના વારંવાર ગોળીબારના કારણે લોકોને તેમના ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. હજુ સુધી કોઈ રાહત કેમ્પ બનાવવામાં આવ્યા નથી. બીએસએફના જવાનોએ સાત પાકિસ્તાની સેનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પાકિસ્તાને ફરી યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરના હિરાનગર સેકટરમાં હાલમાં પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. હિરાનગરની બોબીયા પોસ્ટ પર પાકિસ્તાન તરફથી આ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો હતો. ઉરીમાં આર્મી કેમ્પ ઉપર ત્રાસવાદી હુમલો કરાયા બાદ જવાબી પગલા રુપે ભારત તરફથી પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને અનેક આતંકવાદી કેમ્પોને ફૂંકી મારવામાં આવ્યા બાદથી હચમચી ઉઠેલી પાકિસ્તાની સેનાએ ૩૬ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. ગુરુવારના દિવસે પણ આવું કૃત્ય કરવામાં આવ્યું હતું. બુધવારના દિવસે યુદ્ધ વિરામનો સીધો ભંગ કરીને ગોળીબાર કરાયો હતો. આ અગાઉ ગયા રવિવારના દિવસે પણ ગોળીબારના પરિણામ સ્વરુપે એક ભારતીય જવાન સુધીશ કુમાર શહીદ થયા હતા. પાકિસ્તાન તરફથી ભારતને ઉશ્કેરવા માટે સતત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. સુરક્ષા સંસ્થાઓને આશંકા છે કે, સર્જિકલ સ્ટ્રાઈકનો બદલો લેવા માટે પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદી ભારતમાં ઘુસણખોરી કરી શકે છે. આ ઘુસણખોરીથી ભારતનું ધ્યાન અન્યત્ર વાળવા માટે ગોળીબાર કરવામાં આવે છે. આર્મી કેમ્પ ઉપર ૧૮મી સુપ્ટેમ્બરના દિવસે કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં ૧૯ ભારતીય જવાન શહીદ થયા બાદ ૨૯મી સપ્ટેમ્બરના દિવસે ભારતે સર્જીકલ હુમલા કર્યા હતા. પાકિસ્તાની ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો છે. બીએસએફના જવાનો પહેલાથી જ સજ્જ થયેલા છે. સર્જિકલ સ્ટ્રાઈકના કારણે હચમચી ઉઠેલા પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગનો દોર જારી રાખ્યો છે ત્યારે આસપાસના વિસ્તારોમાં સ્કુલોમાં શિક્ષણ કામગીરી પર અસર થઈ રહી છે. જમ્મુમાં સરહદ સાથે જોડાયેલા વિસ્તારોમાં આવેલી સ્કુલોને બંધ કરવાની ફરજ પડી છે. દહેશતના કારણે ગામના લોકોને વિસ્તાર ખાલી કરવાની ફરજ પડી રહી છે. ગોળીબારથી પ્રભાવિત કથુઆના હીરાનગર અને રાજૌરીના મંજાકોટ તહેસીલની તમામ સ્કુલોને બંધ કરવામાં આવી છે. બાકીની સ્કુલોમાં પણ વાલીઓ પોતાના બાળકોને સ્કુલમાં મોકલી રહ્યા નથી. પાકિસ્તાન હાલમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખે તેવા સંકેત છે. પાકિસ્તાન પર સર્જિકલ હુમલા બાદ ભારે દબાણ છે. તે દુનિયામાં એકલુ પણ પડી ગયુ છે. ભારતે આક્રમક નિતી અપનાવી છે.

### અપગ્રેડ કરવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈલેક્ટ્રીક કામગીરીને અનુલક્ષી રૂ ૧૬ કરોડના ખર્ચનો અંદાજ રાખવામાં આવ્યો છે. અત્યાર સુધી ડોમન જાળવણીનુ કામ ઉદ્યોગ વિભાગને સોંપવામાં આવતુ હતુ. જયારે મુખ્યમંત્રીએ કામગીરીની કુશળતાને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગને આ જવાબદારી સોંપી છે. એકઝિબિશન સેન્ટરમાં દેશની વિવિધ નામી કંપનીઓના ઉદ્યોગપતિઓ હિસ્સો લે છે. જયારે આ માટે કંપનીઓને પસંદ કરવા માટે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના પણ કરવામાં આવી છે.

### ઉઘાડી લૂંટ...

● ત્રીજા પાનાનું ચાલુ

તંત્ર દ્વારા થાય તેવુ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

દહેગામ તાલુકાની ગામડાની ભોળી પ્રજાને શુ ખબર પડે ? તેમ સમજી છેલ્લા કેટલાય મહિનાઓથી દહેગામ સીએચસી ખાતે મુકવામાં આવેલ એમ્બ્યુલન્સના ડ્રાઈવર દર્દીના મોભા પ્રમાણે ચાર્જ વસુલતા હોવાનું સામે આલ્યું છે. જ્યારે કેટલીકવાર એક સાથે બે થી વધુ દર્દી ગાંધીનગર હોસ્પિટલ લઈને આવ્યા હોય છતાં તમામ દર્દી પાસેથી ભાડાના ઉંચા દરની વસુલાત કરવામાં આવે છે. ત્યારે દહેગામની ગાંધીનગરમાં માત્ર રૂ. ૧૬૦ ચાર્જ એમ્બ્યુલ્સનો છે. બીપીએલ અને ગર્ભવતી મહિલાઓ માટે સરકાર દ્વારા ફી સેવા છે. છતાંય કોઈ પણ દર્દીના સગાને બેઠા પછી બક્ષવામાં આવતા નથી. ત્યારે ચાર્જ કરતા વધુ રકમ વસુલાતા દર્દીઓમાં તેમજ સગાઓમાં ભારે રોષ પ્રવર્ત્યો છે. ત્યારે એમ્બ્યુલન્સના વધુ ભાડા અંગે કડક કાર્યવાહી તંત્ર દ્વારા થાય તેમ દહેગામની પ્રજા ઈચ્છી રહી છે.